કિવ પર રશિયાનો વિનાશક હુમલો: 4 બાળકો સહિત 24નાં મોત

પુતિનના 74 મા જન્મદિવસ પર રશિયન મિસાઇલો અને ડ્રોનનો ભીષણ પ્રહાર

કિવ, તા. 7 (AP) રશિયન મિસાઈલો અને ડ્રોને બુધવારની રાત્રે કિવ અને યુક્રેનના અન્ય એક ડઝન જેટલા પ્રદેશો પર હુમલાઓ કર્યા હતા, જેમાં મોસ્કોના તાજેતરના સૌથી વિનાશક હુમલામાં ઓછામાં ઓછા 24 નાગરિકોનાં મોત થયાં હતાં, જેમાં ચાર બાળકો પણ સામેલ છે અને આશરે 60 લોકો ઘાયલ થયા છે. એમ યુક્રેની અધિકારીઓએ જણાવ્યું હતું.

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે, રશિયન મિસાઈલે એક એપાર્ટમેન્ટ બિલ્ડિંગને નિશાન બનાવ્યું ત્યારે મૃત્યુ પામેલાં બાળકોમાંથી ત્રણની ઉંમર 1 વર્ષની હતી અને ચોથા બાળકની ઉંમર 8 વર્ષની હતી.

યુક્રેનને આ હુમલાની અગાઉથી જાણ હતી. ઝેલેન્સ્કીએ આગલા દિવસે ચેતવણી આપી હતી કે, ગુપ્તચર સેવાઓ દ્વારા એવું તારણ કાઢવામાં આવ્યું છે કે, રશિયા મોટા પાયે હુમલાઓ કરવાની તૈયારી કરી રહ્યું છે.

જોકે યુક્રેનને આ હુમલાની જાણ હતી, જે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના 74મા જન્મદિવસ સાથે સુસંગત હતો, આમ છતાં યુક્રેન તેને સંપૂર્ણપણે રોકી શક્યું નહીં.

આ મૃત્યુ અને નુકસાન દર્શાવે છે કે મોસ્કોના વધતા જતા પ્રહારોમાં ઉપયોગમાં લેવાતી રશિયાની બેલેસ્ટિક મિસાઈલો અને નવા જેટ-સંચાલિત ડ્રોનનો સામનો કરવામાં યુક્રેનને કેટલી મુશ્કેલી પડી રહી છે. યુએસ-નિર્મિત પેટ્રિઅટ એર ડિફેન્સ સિસ્ટમ માટે ગોળા-બારુદ વિના, યુક્રેન રશિયન બેલેસ્ટિક હથિયારોને રોકી શકતું નથી. તે મોસ્કોના ઊંચાઈ પર ઉડતા જેટ-સંચાલિત ડ્રોનને પકડવા માટે પૂરતા વેગવાળા નવા જનરેશનના ઈન્ટરસેપ્ટર્સ વિકસાવવાની દોડમાં છે.

રશિયા અને યુક્રેન લાંબા અંતરના હવાઈ યુદ્ધમાં વ્યસ્ત છે. કારણ કે, મોસ્કોના તેના પડોશી દેશ પરના સંપૂર્ણ આક્રમણને 4.5 વર્ષથી વધુ સમય થઈ ગયો હોવા છતાં તેમની સૈન્ય મોરચે મોટા ભાગે સ્થિર છે. અવિરત હવાઈ હુમલાઓ રશિયાને પણ નુકસાન પહોંચાડી રહ્યા છે, પરંતુ નાના યુક્રેન માટે તે વિનાશક સાબિત થઈ શકે છે.

કેગન અને સોઈને અણુઓની 'મિરર ઇમેજ' શોધવા બદલ કેમિસ્ટ્રીનો નોબેલ પુરસ્કાર એનાયત

સ્ટોકહોમ, તા. 7 (AP) વૈજ્ઞાનિકો હેનરી બી. કેગન અને કેન્સો સોઈએ અણુઓમાં રહેલી રહસ્યમય મિરર ઈમેજને ઉકેલવા બદલ બુધવારે કેમિસ્ટ્રીનું નોબેલ પુરસ્કાર જીતી લીધો છે, જે શોધનો ઉપયોગ અસંખ્ય દવાઓ વિકસાવવા માટે થયો છે અને તેણે આધુનિક તબીબી ક્ષેત્રમાં બદલાવ લાવી દીધો છે. ઘણા અણુઓ એવી આવૃત્તિઓમાં આવે છે જે દેખાવમાં સરખા હોય છે, પરંતુ બિલકુલ સમાન હોતા નથી, જેમ કે જમણો અને ડાબો હાથ. ફ્રાન્સના વતની કેગન અને જાપાનના સોઈએ રસાયણને એક બાજુ પસંદ કરવા માટેના રસ્તાઓ શોધ્યા, જેમાં ઈચ્છિત મિરર ઈમેજ ઉત્પન્ન કરવા માટે પ્રક્રિયાઓની રચના કરવામાં આવી. અમેરિકન કેમિકલ સોસાયટીના પ્રમુખ રિગોબર્ટો હર્નાન્ડેઝે જણાવ્યું હતું કે, "આજે આપણી પાસે જે દવાઓ છે, તે આ કેમિસ્ટ્રી વગર શક્ય ન હોત." સોઈ જ્યારે આ પુરસ્કાર જીત્યા હોવાના સમાચાર સાંભળ્યા ત્યારે તેઓ તેમના પાડોશના સુપરમાર્કેટમાં ખરીદી કરી રહ્યા હતા. સોઈએ નોબેલ સમિતિ અને પત્રકારોને ફોન પર જણાવ્યું કે, "આ ખૂબ જ સરસ સમાચાર મેળવીને હું ખૂબ જ ઉત્સાહિત છું. અલબત્ત, આ મારા જીવનના સૌથી રોમાંચક દિવસોમાંનો એક છે."

આ શોધે મોટા ભાગની આધુનિક દવાઓને શક્ય બનાવી

એક જ અણુની મિરર ઈમેજ અલગ-અલગ ગુણધર્મો ધરાવી શકે છે. ઉદાહરણ તરીકે, કાર્વોન રસાયણનું એક સ્વરૂપ ફુદીના જેવી સુગંધ આપે છે, જ્યારે બીજું સ્વરૂપ રાઈબ્રેડમાં અવારનવાર વપરાતા મસાલા કારાવે (શાહજીરા) જેવી સુગંધ આવે છે.

જ્યારે અન્ય રસાયણો સાથે ક્રિયાપ્રતિક્રિયા કરવામાં આવે ત્યારે વૈકલ્પિક સ્વરૂપો પણ અલગ રીતે વર્તી શકે છે. રોગોની સારવાર માટે દવાઓની રચના કરતી વખતે, વૈજ્ઞાનિકો એ પસંદ કરવા માંગે છે કે તેમને કઈ મિરર ઈમેજ મળે છે. તેઓ શરદીની સારવાર માટે અણુના સ્વરૂપને ઈચ્છે છે, કોઈ એવા સ્વરૂપને નહીં જે નાકમાંથી પાણી પડવાની સમસ્યાને વધુ ખરાબ કરે.

બેંક ઑફ ઇંડિયા / Bank of India BOI

સુરત મેઈન શાખા : બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, ૩મો માળ, સી/ઓ સુરત મેઈન શાખા, કણપીઠ લાલગેટ, સુરત, ગુજરાત –૩૯૫૦૦૩ ઈમેઈલ : Surat.Surat@bankofindia.bank.in

પ્રતી, **શ્રી જયંતિભાઈ દેવરાજભાઈ સાકરીયા (દેવાદાર), શ્રી મેહુલકુમાર જયંતિભાઈ સાકરીયા (સહ–દેવાદાર)**
પ્લોટ નં.૭૪, ધરમનગર સોસાયટી, એ.કે.રોડ, સુરત–૩૯૫૦૦૮
(જામીનદાર(રો)–ગીરવેદાર) બાબુભાઈ વાઘજીભાઈ જોગાણી (મૃતક),
કલ્પેશકુમાર બાબુભાઈ જોગાણી (શ્રી બાબુભાઈ વાઘજીભાઈ જોગાણી ના કાનુની વારસદાર)
ચીરાગકુમાર બાબુભાઈ જોગાણી (શ્રી બાબુભાઈ વાઘજીભાઈ જોગાણી ના કાનુની વારસદાર) :
પ્લોટ નં.૧૮–એ, ધરમનગર કો.ઓ.હાઉસિંગ સોસાયટી, એ.કે.રોડ, વરાછા, સુરત, ગુજરાત–૩૯૫૦૦૪
ગીતા કલ્પેશભાઈ ઠુમ્મર (શ્રી બાબુભાઈ વાઘજીભાઈ જોગાણી ના કાનુની વારસદાર) :
૭૦, કેવતનગર સોસાયટી, પુણાગામ, તા.ચોર્યાસી, સુરત, ગુજરાત–૩૯૫૦૧૦
કાજલ અમીત વઘાસીયા (શ્રી બાબુભાઈ વાઘજીભાઈ જોગાણી ના કાનુની વારસદાર) :
૫૦, મારૂતીધામ સોસાયટી, પુણાગામ, કાર્ગીલ ચોક નજીક, બોમ્બે માર્કેટ, સુરત, ગુજરાત–૩૯૫૦૧૦.

ધી સીકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

૧. તમારા દ્વારા કરેલી વિનંતી મુંજબ બેંકે તમારી **રૂ. ૨૨,૨૫,૦૦૦/– (કુલ વિવિધ ક્રેડિટ સુવિધા મંજૂર કરવામાં આવી છે એટલે મંજૂર કરેલ લિમિટ)** અમે અહીં નીચે તમારી મંજૂર કરેલ ક્રેડીટ સુવિધા અને નોટીસની તારીખે બાકી રકમ દર્શાવેલ છે.
સુવિધાના પ્રકાર : ટર્મ લોન
મંજૂર મર્યાદા : રૂ. ૨૨,૨૫,૦૦૦/–
ખાતા નં : ૨૭૦૦૬૨૬૧૦૦૦૦૨૨૦ અને આમાં બાકી લેણાંની વિગતો હેઠળ.

	બાકી લેણાંની વિગતો	રકમ
૧	૨૮.૦૯.૨૦૨૫ સુધી વ્યાજ સાથે ખાતામાં એનપીએ તારીખ મુજબ બાકી રકમ	રૂ. ૧૨,૯૭,૭૦૬.૦૮
૨	અનુગામી યુસીઆઈ **૨૮.૦૯.૨૦૨૫ થી ૨૦.૦૫.૨૦૨૬** સુધી (નોટિસની તારીખ) માસિક ગણતરી સાથે વાર્ષિક @ ૧૦.૬૦%	રૂ.૯૭,૯૭૫.૭૪
૩	દેવાદાર દ્વારા ચુકવવાપાત્ર અન્ય શુલ્ક / એનપીએ તારીખ પછીના ખાતામાં ડેબિટ	રૂ. ૩૭૬૩.૮૦
૪	કુલ	રૂ.૧૩,૯૯,૪૪૫.૬૨
૫	જો એનપીએ તારીખ પછી કોઈ હોય તો કુલ વસૂલાત	રૂ. ૦.૦૦
૬	૪–૫ = એટલે નોટિસની તારીખ સુધી વાર્ષિક @ ૧૦.૮૫% માસિક બાકીના વધારાના વ્યાજ સાથે ચૂકવવાપાત્ર કરાર આધારિત લેણાં	રૂ. ૧૩,૯૯,૪૪૫.૬૨
૭	——— **થી** ——— સુધી (નોટિસની તારીખ) ના સમયગાળા માટે ચક્રવૃદ્ધિ/મૂડીકરણ અસર વિના ચૂકવવા પાત્ર દંડ વ્યાજ	રૂ.૦.૦૦

નોટિસની તારીખ સુધી ચુકવવાપાત્ર એકંદર કરારીય લેણાં રૂા.૧૩,૯૯,૪૪૫.૬૨ (અંકે રૂ.તેર લાખ નવ્વાણું હજાર ચારસો પીસ્તાલીસ અને બાસઠ પૈસા પુરા)
૨. આ ક્રેડીટ સુવિધા બેંકે નીચે જણાવેલ મિલકત / સીકયુરીટીની સામે મંજૂર કરી હતી. (બેંકને ચાર્જ કરેલ મિલકતની વિગત) **બેંકને વસુલવામાં આવેલી મિલકતો / સંપત્તિઓની વિગતો**

	બેંકને વસુલવામાં આવેલી મિલકતો / સંપત્તિઓની વિગતો	CERSAI નોંધણી આઈડી.એસ
અ)	પ્લોટ નં.૧૮/એ, ધરમનગર કો.ઓ.હાઉસિંગ સોસાયટી લિ. રામ બેગ સોસાયટી સામે, યમુના એપાર્ટમેન્ટ નજીક, એ.કે રોડ, સુરત–૩૯૫૦૦૮	Asset ID-૨૦૦૦૩૪૨૦૭૭૩૧

૩. તમે આ ક્રેડીટ સુવિધાની બાકી રકમની પરત ચુકવણીમાં કસુર કર્યો છે. અમે તમારૂ એકાઉન્ટ **તા.૨૮.૦૯.૨૦૨૫** ના રોજની અસરથી રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ અને ગાઈડલાઈન મુજબ નોન–પરફોર્મીંગ એસેટ તરીકે જાહેર કરેલ છે. ૪. ઉપર જણાવેલ કારણસર અમે અહીં તમને ઉપર જણાવેલ કાયદાની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ આપીએ છીએ અને તમને જાણ કરવામાં આવે છે કે બેંક ની બાકી રકમ **રૂા. ૧૩,૯૯,૪૪૫.૬૨ (અંકે રૂા.તેર લાખ નવ્વાણું હજાર ચારસો પીસ્તાલીસ અને બાસઠ પૈસા પુરા) (નોટિસની તારીખ.૨૦.૦૫.૨૦૨૬ સુધીના કરારના બાકી)** તેના ઉપર ના વધારા ના વ્યાજ વાર્ષિક @ ૧૦.૬૦% લેખે વ્યાજ માસિક ગણતરીના આધારે વ્યાજ, અને તમામ કોસ્ટ, ચાર્જ, પેનલ વ્યાજ અને ખર્ચાઓ સાથે નોટીસ આપ્યાના ૬૦ દિવસમાં ચુકવી આપવા તમને જણાવાય છે. મહેરબાની કરી નોંધ લેશો કે જેમાં કસુર થયે અમે તમારા જોખમે અને ખર્ચે અને પરિણામે ધી સીકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ની કલમ ૧૩ મુજબ ઉપરોક્ત દર્શાવેલ સુરક્ષિત કરેલ મિલકત ના અનુસંધાનમાં વધુ કાર્યવાહી કરી શકીએ છીએ. **૫.** જયારે અમે તમને એનપીએ ખાતામાં ઉપર મુજબની જવાબદારી ડીસ્ચાર્જ કરવા માટે કહીએ છીએ. બેંક ને લાગુ પડતા વ્યાજ કુલ કોષ્ટસ, ચાર્જીસ અને ખર્ચઓની અને સંપુર્ણ ચુકવણી સુધી બેંક દ્વારા કરવામં આવેલ તમામ લેણી રકમ અને સમયગાળા ની અંદર સુરક્ષિત કરેલ અસ્કયામતો રીડમ કરવા જાણ કરવામાં આવે છે. મહેરબાની કરી મહત્વની નોંધ લેશો કે સરફેસી એક્ટની કલમ૧૩(૮) મુજબ સુરક્ષિત અસ્કામતો નું રીડીમ કરવાનું ટ્રાન્સફર માટે જાહેર અથવા ખાનગી સંધિમાંથી જાહેર હરાજી અથવા ટેન્ડર અથવા લીઝ સોપણી અથવા સુરક્ષીત સંપતિ ની વેચાણ ની નોટીસ ની પ્રસિધ્ધી સુધી ઉપલબ્ધ રહશે. ૬. ઉપર દર્શાવેલ સત્તાનો ઉપયોગ કરવાથી પ્રાપ્ત થયેલી રકમ, સૌપ્રથમ અમારા દ્વારા કરવામાં આવેલ તમામ કોસ્ટ, ચાર્જીસ અને ખર્ચાઓની ચુકવણીમાં અને અથવા તેને લગતા કોઈપણ ખર્ચની ચુકવણીમાં લાગુ કરવામાં આવશે. અને બીજુ, આ સુચનાની તારીખથી વાસ્તવિક વસૂલાતની તારીખ સુધી ઉપરોક્ત ઉલ્લેખિત બેંકના બાકી લેણાં કરાર આધારિત વ્યાજ, સાથે ચુકવવામાં આવશે અને બેંકના સંપૂર્ણ લેણાં (જેમાં લોન લેનાર અથવા ગેરંટી આપનાર તરીકે બેંકને તમારા અન્ય કોઈપણ લેણાંનો સમાવેશ થાય છે) સંપૂર્ણ વસૂલાત થાય પછી બાકી રહેલા પૈસા, જો કોઈ હોય તો, તમને ચુકવવામાં આવશે.૭. જો સીકયોર્ડ મિલકત સામે ઉકત સત્તાનો ઉપયોગ દરમ્યાન પ્રાપ્ત થયેલ આવકમાંથી ઉકત લેણાં સંપૂર્ણ રીતે વસૂલવામાં ન આવે તો અમે તમારી અન્ય અસ્કયામતો સામે કાર્યવાહી કરવાને અમારો અધિકાર અનામત રાખીએ છીએ. જેમાં તમારી પાસેથી આકસ્મીક તમામ ખર્ચ વગેરે બાકી સહિતની રકમ વસુલાત માટે ઋણ વસૂલી ટ્રીબ્યુન્લ કોર્ટ સમક્ષ કાનુની /વસૂલાતની કાર્યવાહીનો સમાવેશ થાય છે. ૮. મહેરબાની કરી નોંધ લેશો કે આ ધારાની પેટા કલમ (૧૩) મુજબ આ નોટીસ પ્રાપ્ત થયે જણાવેલ મિલકત વેચાણ, લાઈસન્સ, ભેટ, ગીરવેદાર કે અન્ય કોઈપણ રીતે સુરક્ષિત મિલકત ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે. ૯. નીચે સહી કરનાર આ નોટીસ જારી કરવા અને ઉપરોકત કાયદાની કલમ ૧૩ હેઠળ સત્તાનો ઉપયોગ કરવા માટે બેંકના અધિકૃત અધિકારી છે. **૧૦.** એ ઉલ્લેખ કરવાની જરૂર નથી કે, આ નોટીસ બેંકને ઉપલબ્ધ અન્ય કોઈપણ અધિકાર અથવા ઉપાય પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના તમને આપવામાં આવી છે.

તા.૨૦.૦૫.૨૦૨૬ । સ્થળ : સુરત — **અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા સુરત મેઈન શાખા**

યુક્રેન સાથેના સંઘર્ષને ઉકેલવા ભારતના શાંતિ પ્રસ્તાવ બદલ રશિયાએ માન્યો આભાર

યુક્રેને પણ ચાર દેશો પૈકી ભારતની યોજનાને ગણાવી હતી સૌથી 'વ્યાપક',ભારત હવે મોસ્કો અને કિવ બંને સાથે સીધી વાટાઘાટો કરી રહ્યું છે: જયશંકર

તેઓ દરેક મુલાકાતમાં આ યુદ્ધનો અંત લાવવા માટે ઉત્સુકતા દર્શાવે છે. ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે પણ સ્પષ્ટ કર્યું હતું કે, ભારત હવે માત્ર સલાહ આપવા પૂરતું સીમિત નથી રહ્યું પરંતુ મોસ્કો અને કિવ બંને સાથે સીધી વાતચીત કરીને યુદ્ધવિરામ અને 'બ્લેક સી'માં વેપારી જહાજોની સુરક્ષિત અવરજવર માટે સક્રિય પ્રયાસો કરી રહ્યું છે.

મોસ્કો, તા. 7 (પીટીઆઈ): રશિયા-યુક્રેન યુદ્ધનો શાંતિપૂર્ણ ઉકેલ લાવવા માટે ભારત તરફથી રજૂ કરાયેલા પ્રસ્તાવ અને પ્રયાસો બદલ ક્રેમલિને (રશિયા) ભારતનો આભાર માન્યો છે. રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનના મુખ્ય સહયોગી અને ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે બુધવારે જણાવ્યું હતું કે, રશિયા ભારતના આ વલણ અને તેના દ્વારા આપવામાં આવેલા શાંતિના વિચારો બદલ મિત્ર દેશ ભારતનું આભારી છે.

આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે યુક્રેનના વિદેશ મંત્રી અંદ્રી સિબિહાએ સ્વીકાર્યું હતું કે યુદ્ધવિરામ માટે તેમને મળેલા ચાર પ્રસ્તાવ (તુર્કીયે, ઈજિપ્ત, યુએસ અને ભારત)માં ભારતનો પ્રસ્તાવ સૌથી 'વ્યાપક' છે. યુક્રેને ઉર્જા ક્ષેત્ર અને કાળા સમુદ્રમાં હુમલા રોકવા માટેના ભારતના સુચનો પર સંમતિ દર્શાવી છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ચાર વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા આ યુદ્ધમાં ભારતે હંમેશા શાંતિ અને રાજદ્વારી વાટાઘાટો પર ભાર મૂક્યો છે.

તાજેતરમાં પ્રમુખ પુતિને પણ પીએમ નરેન્દ્ર મોદીની પ્રશંસા કરતા કહ્યું હતું કે, પીએમ મોદી પાસે આ વિવાદના ઉકેલ માટે ખૂબ જ સુંદર અને વ્યવહારુ વિચારો છે.

દિલ્હીના સીમાપુરીમાં મકાન ધરાશાયી થતાં 3નાં મોત

નવી દિલ્હી, તા. 7 (પીટીઆઈ): ઉત્તર પૂર્વ દિલ્હીના સીમાપુરી વિસ્તારમાં બુધવારે એક મકાન ધરાશાયી થવાથી એક બાળક અને 21 વર્ષીય સગર્ભા મહિલા સહિત ત્રણ લોકોનાં મોત થયાં હતાં અને આઠ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

સાંજ સુધીમાં કાટમાળમાંથી 11 લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા, તેમાંથી આઠ ઈજાગ્રસ્તોને સારવાર માટે તાહિરપુરની રાજીવ ગાંધી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.મૃતકોમાં અંદાજે 12 વર્ષની એક છોકરી, જેની ઓળખ હજી સુધી થઈ શકી નથી, 21 વર્ષીય ગુલાફસા, જે અંદાજે ચાર મહિનાની સગર્ભા હતી અને અંદાજે દોઢ વર્ષનું અન્ય એક બાળક, જેની ઓળખ હજી સુધી થઈ શકી નથી, સામેલ છે.સત્તાવાળાઓ આશંકા વ્યક્ત કરી રહ્યા છે કે, મંગળવારે સાંજે ઉત્તરાખંડમાં ભૂકંપને કારણે આવેલા આંચકાને પગલે મકાનમાં પડેલી તિરાડો આ દુર્ઘટનાનું કારણ બની હોઈ શકે છે.સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે, તેઓ કાટમાળ નીચે ફસાયેલા લોકોનો અવાજ સાંભળી શકતા હતા.

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
(ગુજરાત સરકારનું સાહસ)
અધિક્ષક ઇજનેરશ્રી (દ.ગુ) ની કચેરી,
પ્લોટ નં. સી-૫/૧૦૧,
ચાર રસ્તા,જીઆઇડીસી, વાપી - ૩૯૬૧૯૫

ટૂંકી જાહેર નિવિદા નં. ૦૧/૨૦૨૬-૨૭

અધિક્ષક ઇજનેરશ્રી(દ.ગુ), જી.આઇ.ડી.સી., વાપીનાં તાબા હેઠળ આવેલ કાર્યપાલક ઇજનેરશ્રી, જીઆઇડીસી, વાપી માટે ૧ (એક) અને કાર્યપાલક ઇજનેરશ્રી, જી.આઇ.ડી.સી., સુરત માટે ૨(બે) કામો માટેના ટેન્ડર ઓનલાઇન પદ્ધતિથી મંગાવવામાં આવે છે. આ કામોની દર્શાવેલ અંદાજીત કિંમત રૂ. ૨૫.૪૧ થી ૨૯.૫૨ લાખની છે. ઓનલાઇન ટેન્ડર વેબ સાઇટ www.nprocure.com ઉપરથી તા. ૦૭/૧૦/૨૦૨૬ થી તા. ૧૫/૧૦/૨૦૨૬ ડાઉનલોડ-અપલોડ નિયત સમય-મર્યાદામાં કરી શકાશે. આ કામની વિગતવાર જાહેર નિવિદા ઓફિસનાં નોટીસ બોર્ડ ઉપર અને જી.આઇ.ડી.સી.ની વેબસાઇટ www.gidc.gujarat.gov.in માં જોઇ શકાશે. નિવિદામાં જણાવેલ ટેન્ડર કારણ જણાવ્યા વગર સ્વીકારવા, ન સ્વીકારવા તેમજ રદ કરવા એ નિગમનો અબાધિત અધિકાર છે, જે તમામને બંધનકર્તા રહેશે. બાના મુક્તિ પ્રમાણપત્ર ગ્રાહ્ય/સ્વીકાર્ય નથી. વધુમાં, ટેન્ડરને લગતા તમામ સુધારા/વધારા www.nprocure.com વેબ-સાઇટ પર ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ સુધી જોવાનાં રહેશે.

નં. માહિતી/વલસાડ/૪૫૭/૨૦૨૬ — અધિક્ષક ઇજનેર (દ.ગુ) ગુ.ઓ.વિ.નિ., વાપી.

જાહેરનામું
ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
(જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩)
(૨૦૧૩નો ૩૦મો)

જીલ્લો :- સુરત — તારીખઃ 19 SEP 2026
ક્રમાંક :- અમ-મ-૨૦૨૬-૯૯૩-જસત-૧૪૨૦૨૬-૧૪૧૯-ઘ

કન્સ્ટ્રકશન ઓફ અન્ડર પાસ (આર.યુ.બી.) ઓન સુરત-કડોદરા રોડ કિમી ૮/૪ થી ૧૭/૪ નિયર કડોદરા જંકશન એટ ચે. ૧૭/૪, ક્રોશિંગ એન.એચ.-૪૮ બીટવીન ચે. ૧૬/૬ થી ૧૮/૨ જી. સુરત ના જાહેર હેતુના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે જમીનની જરૂર પડવાનો સંભવ છે, એવું ગુજરાત સરકારને જણાય છે.

(૧) તેથી જમીન સંપાદન જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦ મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૨(૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકાર આથી ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટના જાહેર હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

(૨) હવે જ્યારે ઉક્ત સૂચિત પ્રોજેક્ટ કન્સ્ટ્રકશન ઓફ અન્ડર પાસ (આર.યુ.બી.) ઓન સુરત-કડોદરા રોડ કિમી ૮/૪ થી ૧૭/૪ નિયર કડોદરા જંકશન એટ ચે. ૧૭/૪, ક્રોશિંગ એન.એચ.-૪૮ બીટવીન ચે. ૧૬/૬ થી ૧૮/૨ જી. સુરતના જાહેર હેતુ માટે જમીન સંપાદન માટેની દરખાસ્ત રજુ થયેલ છે, ત્યારે આ પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો કુલ વિસ્તાર ૦૧-૧૨-૮૭ ચો.મી. છે અને તે મોજે. કડોદરા, તા. પલસાણા, જિ. સુરતની હદમાં આવેલ છે.

(૩) હવે જ્યારે ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સદરહુ સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ ૦૧-૧૨-૮૭ ચો.મી. જમીનને સદરહુ અધિનિયમના પ્રકરણ-૨ અને ૩ ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હિતમાં આવશ્યક જણાય છે.

(૪) તેથી સદરહુ અધિનિયમની કલમ-૧૦(એ) (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા (ગુજરાત સુધારા) અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬ નો ગુજરાત અધિનિયમ-નં.૧૨)ની કલમ-૩થી દાખલ કરેલ) થી મળેલ અધિકારો અન્વયે, રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં કન્સ્ટ્રકશન ઓફ અન્ડર પાસ (આર.યુ.બી.) ઓન સુરત-કડોદરા રોડ કિમી ૮/૪ થી ૧૭/૪ નિયર કડોદરા જંકશન એટ ચે. ૧૭/૪, ક્રોશિંગ એન.એચ.-૪૮ બીટવીન ચે. ૧૬/૬ થી ૧૮/૨ જી. સુરત ના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સંપાદન થતી જમીનમાં સમાવિષ્ટ થયેલ મોજે. કડોદરા, તા. પલસાણા, જિ.સુરતની ક્ષેત્રફળ ૦૧-૧૨-૮૭ હે.આરે.ચો.મી. જમીનને સદરહુ અધિનિયમના પ્રકરણ - ૨ અને ૩ ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાજ નમેરા) સરકારના ઉપસચિવ
ક્રમાંક. માહિતી-સુરત/૭૧૯/૨૦૨૬

પંજાબ નૈશનલ બૈંક ...भरोसे का प्रतीक ! / punjab national bank ...the name you can BANK upon !

એઆરએમબી સુરત : પહેલો માળ, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત–૩૯૫૦૦૩
ફોન : ૮૧૪૬૦૯૨૮૭૭, ૯૬૨૪૫૭૭૨૨૫
ઈમેઈલ : cs8323@pnb.bank.in

સ્થાયી મિલકતની ઈ–હરાજીથી વેચાણ અંગેની જાહેર નોટીસ

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ના નિયમ ૮(૬) સાથે વાંચતા સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ હેઠળ સ્થાયી મિલકત માટેની ઈ–હરાજીની વેચાણ નોટીસ. આથી અહીં જાહેર જનતા અને ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત(તો) કે જે સિકયોર્ડ ક્રેડીટર્સને હાઈપોથીકેટેડ/ગીરવે/ચાર્જ કરેલ કે જેનો સાંકેતિક/પ્રત્યક્ષ કબજો પંજાબ નેશનલ બેંક, સિકયોર્ડ ક્રેડીટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે **નીચે દર્શાવેલ તારીખ ના રોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા ૧૦ મીનીટના સુધી માટે કરવામાં આવશે.** પંજાબ નેશનલ બેંક, સિકયોર્ડ ક્રેડીટર્સ દ્વારા નીચે દર્શાવેલ દેવાદારો, ગીરવેદારો અને નીચે દર્શાવેલ જામીનદારોના બાકી રકમ માટે ઈ–હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડીની રકમ નીચે મુજબ રહેશે. સ્થાયી મિલકતની વિગત સરકારી/અર્ધસરકારી લેણાંની વિગત જો હોય તો તેની સાથે નીચે મુજબ છે.

ઈ–હરાજી તા.૨૭.૧૦.૨૦૨૬ । નિરીક્ષણ તા.૨૬.૧૦.૨૦૨૬ સુધી કામકાજ ના દિવસો માં (સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી) । ઈ–હરાજીના સમય સુધીમાં ઈએમડી જમા કરાવવી જોઈએ

નં.	શાખાનું નામ / ખાતાનું નામ / દેવાદાર/ જામીનદારોનું નામ અને સરનામું	સુરક્ષિત કરેલ મિલકતની વિગત: ગીરવે મુકેલ સ્થાયી મિલકતની વિગત અને માલિકનું નામ (મિલકતો ના ગીરવેદારો)	અ) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ માંગણા નાટીસની તારીખ બ) તા.૩૦.૦૯.૨૦૨૬ ના રોજ બાકી રકમ + વધારાનું વ્યાજ ક) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૪) હેઠળ લીધેલ કબજાની તારીખ ડ) કબજાનો પ્રકાર સાંકેતિક/પ્રત્યક્ષ/રચનાત્મક	અ) અનામત કિંમત બ) ઈએમડી ક) બોલી વધારાની રકમ (રૂા.લાખમાં)	સુરક્ષિત લેણદારની જાણમાં હોય તેવા અન્ય બાકીની વિગત Property ID :
૧	**પીએનબી : ચલા (૫૯૯૦૦૦)** **મેસર્સ એકસેલ પ્લાસ્ટો પ્રોડકટ :** **માલિક શ્રી નિકુંજ વી.ચણીયારા :** ફલેટ નં.૩૦૨, દીયા રેસીડન્સી, છીપવાડ જકાતનાકા પાસે, વલસાડ, જી.વલસાડ. **જામીનદાર : શ્રી કિશન જી. પટેલ, શ્રી ગોપાળભાઈ પટેલ અને શ્રીમતી રેખાબેન પટેલ**	રોયલ લેક સીટી કોમ્પલેક્ષ નામની બિલ્ડીંગ ના ૯મા માળનો રહેણાંકનો ફલેટ નં.૯૦૧, જેનું માપ ૮૦૮ ચો.ફુટ યાને ૭૫.૦૬ ચો.મી., જેનું બાંધકામ એન.એ. થયેલ સર્વે નં.૭૦/૩/પૈકી/પૈકી/૨ વાળી ઉમરગામ, વલસાડ ખાતે આવેલ જમીન ઉપર થયેલ છે. જે શ્રીમતી રેખાબેન જી.પટેલની માલિકીનો છે)	અ) ૨૫.૧૦.૨૦૧૮ બ) રૂા.૨,૦૫,૨૪,૭૫૨.૫૨ + વધારાનું વ્યાજ+ તેના ઉપરના ખર્ચાઓ ક) ૦૭.૦૩.૨૦૧૯ ડ) પ્રત્યક્ષ કબજો	અ) રૂા.૧૦.૬૨ બ) રૂા.૧.૧૦ ક) રૂા.૦.૧૦	જાણમાં નથી PUNB 5990003
૨	**પીએનબી : સુરત મેઈન (૦૪૩૯૦૦)** **મેસર્સ આસ્થા એન્ટરપ્રાઈઝ(ભાગીદારી પેઢી),** સરનામું : પહેલો માળ, વિષ્ણુ ચેમ્બર, રિલાયન્સ ફ્રેશ નજીક, વરાછા રોડ, સુરત – ૩૯૫૦૦૬. **મેસર્સ આસ્થા એન્ટરપ્રાઈઝ (ભાગીદારી પેઢી),** સરનામું : દુકાન નં. ૭, ગાર્ડન ગેટ એપાર્ટમેન્ટ, નાના વરાછા રોડ, સુરત – ૩૯૫૦૦૬. **શ્રી લાલજીભાઈ આર. વિરડિયા (ભાગીદાર)** **શ્રીમતી રીટાબેન એ વિરડીયા (ભાગીદાર)** **શ્રી અશ્વિનભાઈ એલ વિરડીયા (ભાગીદાર)** સરનામું : ડિ–૧, જય ગણેશ્વર સોસાયટી, હીરાબાગ, વરાછા રોડ, સુરત – ૩૯૫૦૦૬ **હરેનભાઈ લાલજીભાઈ વિરડીયા (ગીરવેદાર)** **શ્રીમતી સવિતાબેન લાલજીભાઈ વિરડીયા(ગીરવેદાર)** **શ્રીમતી અસ્મિતાબેન હરેનભાઈ વિરડીયા (ગીરવેદાર)** સરનામું : ડિ–૧, જય ગણેશ્વર સોસાયટી, હીરાબાગ, વરાછા રોડ, સુરત – ૩૯૫૦૦૬	તમામ હક્ક હિત સંબંધ ધરાવતી જમીન અને મકાન કે જે ગંગેશ્વર.કો.ઓ. હાઉસીંગ સોસાયટી લી. નો પ્લોટ નં. ડી માપ આશરે ૧૩૨.૪૨ ચો.વાર કે જે જમીન રેવન્યુ સર્વે નં. ૭૮/૧–૨–૩–૪–૫, ૮૦/૨ અને ૮૧/૧ મોજે ગામ ફુલપાડા તાલુકા ચોર્યાસી, જીલ્લા– સુરત ખાતે મિલકત **શ્રી હરેનભાઈ લાલજીભાઈ વિરડીયા, શ્રી લાલજીભાઈ રામજીભાઈ વિરડીયા, શ્રીમતી સવિતાબેન લાલજીભાઈ વિરડીયા, શ્રીમતી અસ્મીતાબેન હરેનભાઈ વિરડીયા અને શ્રીમતી રીટાબેન અશ્વિનભાઈ વિરડીયા** ની માલીકીની છે. **(આ મિલકતની ચર્તુસીમા આપેલ નથી)**	અ) ૧૪.૦૯.૨૦૧૭ બ) રૂા.૧૭,૧૯,૬૫,૩૪૩.૦૦ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ ક) ૦૭.૧૨.૨૦૧૭ ડ) સાંકેતિક કબજો	અ) રૂા.૪૩.૨૦ બ) રૂા.૪.૩૨ ક) રૂા.૦.૧૫	જાણમાં નથી PUNB 043900 ASTHA1
		તમામ હક્ક હિત સંબંધ ધરાવતી જમીન અને મકાન કે જે ગાર્ડન ગેટ એપાર્ટમેન્ટ ના લોઅર ગ્રાઉન્ડ ફ્લોર માં બી/૩ માપ ૫૫૦૬.૦૦ ચો.ફુટ આ મિલકત નું બાંધકામ જમીન બ્લોક નં. ૧૩૨ પૈકી, જે ફાઈનલ પ્લોટ નં. ૧૯/એ અને ૧૯/બી ટી.પી સ્કીમ નં. ૨૦ અને ચલતા નં. ૧૨૦,૧૨૩ અને ૧૨૪ નાના વરાછા, જીલ્લા– સુરત ખાતે મિલકત ના પ્રમાણસર વણવહેચાયેલ જમીન ના હિસ્સા સહિત મિલકત **શ્રી હરેનભાઈ લાલજીભાઈ વિરડીયા** ની માલીકીની છે. **(આ મિલકતની ચર્તુસીમા આપેલ નથી)**		અ) રૂા.૭૯.૨૦ બ) રૂા.૮.૦૦ ક) રૂા.૦.૨૦	PUNB 043900 ASTHA2
		તમામ હક્ક હિત સંબંધ ધરાવતી જમીન અને મકાન કે જે ગાર્ડન ગેટ એપાર્ટમેન્ટ ના બી પાર્ટના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ દુકાનો જેનું માપ ૫૩૬૨.૦૦ ચો.ફુટ જેનું બાંધકામ જમીન બ્લોક નં. ૧૩૨ પૈકી, જે ફાઈનલ પ્લોટ નં. ૧૯/એ અને ૧૯/બી ટી.પી સ્કીમ નં. ૨૦ અને ચલતા નં. ૧૨૦,૧૨૩ અને ૧૨૪ નાના વરાછા, જીલ્લા– સુરત ખાતે મિલકત ના પ્રમાણસર વણવહેચાયેલ જમીન ના હિસ્સા સહિત મિલકત **શ્રી હરેનભાઈ લાલજીભાઈ વિરડીયા** ની માલીકીની છે. **(આ મિલકતની ચર્તુસીમા આપેલ નથી)**		અ) રૂા.૧૦૨.૦૦ બ) રૂા.૧૦.૨૦ ક) રૂા.૦.૨૦	PUNB 043900 ASTHA3
૩	**પીએનબી : વાપી શાખા (૩૯૦૩૦૦)** **મેસર્સ કરણ ઈન્ડસ્ટ્રી (માલીક કમલેશ એ શાહ)** ૧૦૪ નારાયણ ચેમ્બર, પીએનબી બેંક પાછળ, જીઆઈડીસી વાપી જી. વલસાડ, ગુજરાત ૩૯૬૧૯૧. **શ્રી કમલેશ એ શાહ (માલીક કરણ ઈન્ડસ્ટ્રી)** ફલેટ નં. ૩/૧/બી, હિમંતસિંહ કો.ઓ. હાઉસીંગ, સોસાયટી લીમીટેડ, છરવાડા રોડ, લાયન બૂડ બેંક નજીક, જ્ઞાનધામ સ્કુલ પાછળ, વાપી, જી.વલસાડ, ગુજરાત ૩૯૬૧૯૧. **શ્રી અનીલકુમાર સોની (જામીનદાર) (મૃતક)** તેમના કાનૂની વારસદારો શ્રીમતી અંચના અનીલ સોની અને શ્રીમતી નીર્મલાદેવી સોની ફલેટ નં. ૩૦૧/એ, ૩જો માળ નો વિજય પાર્ક કો.ઓ. હાઉસીંગ,સોસાયટી લીમીટેડ, છરવાડા રોડ, વાપી, જી.વલસાડ, ગુજરાત ૩૯૬૧૯૫. **શ્રી પ્રમોદસિંગ પ્રહલાદસિંગ (જામીનદાર)** ફલેટ નં. ૪૦૨/એ, ૪થો માળ નો સનરાઈઝ રેસીડન્સી–૨, ગામ. છીરી વાપી, વલસાડ, ગુજરાત– ૩૯૬૧૯૧	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સનરાઈઝ રેસીડન્સી –૨ બિલ્ડીંગ ના ૪થા માળ નો ફલેટ નં. એ/૪૦૨, માપ ૬૦૦ ચો.ફુટ (૫૫– ૭૬ ચો. મીટર) સુપર બિલ્ટઅપ એરીયા બાંધકામ સાથે જમીન ના વણવહેચાયેલ હિસ્સા ૧૦.૦૦ ચો.મીટર રે.સ.નં. ૧૭૯/૨ ગામ. છીરી તા. વાપી, જી. વલસાડ ખાતે આવેલ છે જેની માલીકી **શ્રી પ્રમોદસિંગ પ્રહલાદસિંગ** ની છે.	અ) ૦૬.૦૪.૨૦૧૫ બ) રૂા.૮૪,૭૮,૬૧૦.૯૦ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ ક) ૦૨.૦૭.૨૦૧૫ ડ) સાંકેતિક કબજો	અ) રૂા.૮.૯૦ બ) રૂા.૦.૯૦ ક) રૂા.૦.૧૦	જાણમાં નથી PUNB3903 KARAN402
૪	**પીએનબી : વલસાડ (૧૩૯૦૧૦)** **મે.પોપ્યુલર સ્ટીલ્સ એન્ડ ટયુબ્સ (માલિક શ્રી ઉદયભાઈ રમેશચંદ્ર ઝવેરી) (શ્રી ઉદયભાઈ રમેશચંદ્ર ઝવેરી (મર્હુમ) ના કાયદેસરના વારસ મારફત)** : દુકાન નં.૫, ખુશબુ પાર્ક, બ્રહ્મદેવ મંદિર સામે, કૈલાશ રોડ, વલસાડ, ગુજરાત–૩૯૬૦૦૧ **મનીશા ઉદય ઝવેરી (શ્રી ઉદય રમેશચંદ્ર ઝવેરી (મર્હુમ) ના કાયદેસરના વારસ મારફત)** **શાઈની ઉદય ઝવેરી (શ્રી ઉદય રમેશચંદ્ર ઝવેરી (મર્હુમ) ના કાયદેસરના વારસ મારફત)** **વૃધ્ધી ઉદય ઝવેરી (શ્રી ઉદય રમેશચંદ્ર ઝવેરી (મર્હુમ) ના કાયદેસરના વારસ મારફત)** **અન્ય (શ્રી ઉદય રમેશચંદ્ર ઝવેરી (મર્હુમ) ના કાયદેસરના વારસ મારફત)** : ૩જો માળ, ગીરીરાજ એપાર્ટમેન્ટ, યુકોઓ બેંક સામે, મોટા બજાર, વલસાડ, તા. અને જી.વલસાડ–૩૯૬૦૦૧	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત વાસુદેવ એપાર્ટમેન્ટ–૩ નો ફલેટ નં.૪૦૧ જેનું બાંધકામ એન.એ. થયેલ રે.સ.નં.૧૪૧/૩/પી૧ વાળી જમીન ઉપર થયેલ છે. ફલેટનું માપ ૬૯.૭૦ ચો.મી. છે જે પારડી–સાંઢપોર ગ્રામ પંચાયત ના હદ વિસ્તારમાં, તા.અને જી.વલસાડ ખાતે **શ્રી ઉદયભાઈ રમેશચંદ્ર ઝવેરીની** માલિકીની આવેલ છે.	અ) ૨૫.૦૫.૨૦૨૨ બ) રૂા.૧,૭૭,૭૮,૯૫૯.૦૬ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ ક) ૧૭.૧૨.૨૦૨૩ ડ) પ્રત્યક્ષ કબજો	અ) રૂા.૭.૩૦ બ) રૂા.૦.૭૫ ક) રૂા.૦.૧૦	જાણમાં નથી PUNB139010 PS401
		તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત વાસુદેવ એપાર્ટમેન્ટ–૩ નો ફલેટ નં.૪૦૬ જેનું બાંધકામ એન.એ. થયેલ રે.સ.નં.૧૪૧/૩/પી૧ વાળી જમીન ઉપર થયેલ છે. ફલેટનું માપ ૧૦૦.૪૬ ચો.મી. છે જે પારડી–સાંઢપોર ગ્રામ પંચાયત ના હદ વિસ્તારમાં, તા.અને જી.વલસાડ ખાતે **શ્રી ઉદયભાઈ રમેશચંદ્ર ઝવેરીની** માલિકીની આવેલ છે.		અ) રૂા.૧૦.૫૧ બ) રૂા.૧.૧૦ ક) રૂા.૦.૧૦	PUNB139010 PS406
		તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત વાસુદેવ એપાર્ટમેન્ટ–૩ નો ફલેટ નં.૪૦૭ જેનું બાંધકામ એન.એ. થયેલ રે.સ.નં.૧૪૧/૩/પી૧ વાળી જમીન ઉપર થયેલ છે. ફલેટનું માપ ૧૦૦.૪૬ ચો.મી. છે જે પારડી–સાંઢપોર ગ્રામ પંચાયત ના હદ વિસ્તારમાં, તા.અને જી.વલસાડ ખાતે **શ્રી ઉદયભાઈ રમેશચંદ્ર ઝવેરીની** માલિકીની આવેલ છે.		અ) રૂા.૧૦.૫૧ બ) રૂા.૧.૧૦ ક) રૂા.૦.૧૦	PUNB139010 PS407
		તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત વાસુદેવ એપાર્ટમેન્ટ–૩ નો ફલેટ નં.૪૦૮ જેનું બાંધકામ એન.એ. થયેલ રે.સ.નં.૧૪૧/૩/પી૧ વાળી જમીન ઉપર થયેલ છે. ફલેટનું માપ ૬૯.૭૦ ચો.મી. છે જે પારડી–સાંઢપોર ગ્રામ પંચાયત ના હદ વિસ્તારમાં, તા.અને જી.વલસાડ ખાતે **શ્રી ઉદયભાઈ રમેશચંદ્ર ઝવેરીની** માલિકીની આવેલ છે.		અ) રૂા.૭.૩૦ બ) રૂા.૦.૭૫ ક) રૂા.૦.૧૦	PUNB139010 PS408
૫	**પીએનબી : દમણ શાખા (૭૧૭૦૦૦)** **મેસર્સ એસ.એમ.પ્લાસ્ટીક, શ્રીમતી આશા શ્યામલાલ મોટવાણી (માલિક)** : ફલેટ નં.૧૦૨, બ્લોક નં.એ/૧૯૨, રૂમ નં. ૩૮૪, સાંઈધામ, ઉલ્હાસનગર, મહારાષ્ટ્ર–૪૨૧૦૦૪ **શ્રીમતી આશા શ્યામલાલ મોટવાણી (માલિક)** : ફલેટ નં.૬૦૫, ૬ઠ્ઠો માળ, એ બિલ્ડીંગ, દિવ્ય દર્શન એપાર્ટમેન્ટ, ગામ દુનેથા, નાની દમણ–૩૯૬૨૧૦	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત દિવ્ય દર્શન નામની એ–૧ બિલ્ડીંગના ૬ઠ્ઠા માળનો ફલેટ નં.૬૦૫, ડીએમસી નં.૧૫–૩૬/એફ/૬ઠ્ઠો, ૫ જેનું આશરે માપ ૯૯૫ ચો.ફુટ સુપર બિલ્ટ અપ એરીયા જેની કોમન સુવિધાઓ સાથેનું બાંધકામ એન.એ. થયેલ જમીન સર્વે નં.૬૧૨ માપ આશરે ૨૧૦૦ ચો.મી. વાળી મોજે ગામ દુનેથા, નાની દમણ, દમણના અધિકાર ક્ષેત્રમાં, સબ ડીસ્ટ્રીકટ દમણ ખાતે આવેલ જમીન ઉપર થયેલ છે. જે શ્રીમતી આશા શ્યામલાલ મોટવાણીની માલિકીનો છે.	અ) ૦૪.૧૨.૨૦૧૮ બ) રૂા.૧૦૭,૨૪,૬૭૬.૮૨ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ ક) ૨૪.૦૨.૨૦૨૨ ડ) સાંકેતીક કબજો	અ) રૂા.૧૪.૩૦ બ) રૂા.૧.૫૦ ક) રૂા.૦.૧૦	જાણમાં નથી PUNB 717SM605
૬	**પીએનબી : દમણ (૭૧૭૦૦૦)** **મેસર્સ આર.આર.પ્લાસ્ટ : (માલીક) શ્રી રૂબી શાહનવાઝ શેખ :** દુકાન નં. ૫–૬–૭, નાઝ પાર્ક, સી બિલ્ડીંગ, ખારવાડ, વાપી– જીઆર – ૬, ફલેટ નં. ૧૩, ગુરૂદેવ કોમ્પલેક્ષ, સેલવાસા રોડ, ઈમરાન નગર, વાપી. **જામીનદાર : શ્રી નસીમ લાયક અહમદ શેખ** જીઆર – ૬, ફલેટ નં. ૧૩, ગુરૂદેવ કોમ્પલેક્ષ, સેલવાસા રોડ, ઈમરાન નગર, વાપી.	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત નાઝ પાર્ક નામની બિલ્ડીંગ 'સી' ના ભોયતળીયા ની દુકાન નં.૫ નું આશરે માપ ૫૦૦.૦૦ ચો.ફુટ એટલે કે ૪૬.૪૬ ચો.મીટર એન.એ પ્લોટ નં. ૭, સર્વે નં. ૩૩૭/ પ્લોટ નં. ૭ થી પ્લોટ નં. ૨૦ નો સર્વે નં. ૩૩૭/ પ્લોટ નં. ૨૦ કુલ પ્લોટ એરીયા નું માપ ૩૧૯૨.૧૩ ચો.મીટર સર્વે નં. ૩૩૭ કુલ એરીયા નું માપ આશરે ૨૫૨૯૩.૦૦ ચો.મી, કરવડ, વાપી **શ્રી નસીમ લાયક અહમદ શેખ ની માલીકી નો આવેલ છે.**	અ) ૨૩.૧૦.૨૦૧૮ બ) રૂા.૧,૭૧,૬૪,૪૧૩.૩૦ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ ક) ૨૮.૦૩.૨૦૧૯ ડ) સાંકેતીક કબજો	અ) રૂા.૬.૩૯ બ) રૂા.૦.૬૫ ક) રૂા.૦.૧૦	જાણમાં નથી PUNB 717000RR05
		તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત નાઝ પાર્ક નામની બિલ્ડીંગ 'સી' ના ભોયતળીયા ની દુકાન નં.૬ નું આશરે માપ ૫૦૦.૦૦ ચો.ફુટ એટલે કે ૪૬.૪૬ ચો.મીટર એન.એ પ્લોટ નં. ૭, સર્વે નં. ૩૩૭/ પ્લોટ નં. ૭ થી પ્લોટ નં. ૨૦ નો સર્વે નં. ૩૩૭/ પ્લોટ નં. ૨૦ કુલ પ્લોટ એરીયા નું માપ ૩૧૯૨.૧૩ ચો.મીટર સર્વે નં. ૩૩૭ કુલ એરીયા નું માપ આશરે ૨૫૨૯૩.૦૦ ચો.મી, કરવડ, વાપી **શ્રી નસીમ લાયક અહમદ શેખ ની માલીકી નો આવેલ છે.**		અ) રૂા.૬.૩૯ બ) રૂા.૦.૬૫ ક) રૂા.૦.૧૦	જાણમાં નથી PUNB 717000RR06
		તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત નાઝ પાર્ક નામની બિલ્ડીંગ 'સી' ના ભોયતળીયા ની દુકાન નં.૮ નું આશરે માપ ૫૦૦.૦૦ ચો.ફુટ એટલે કે ૪૬.૪૬ ચો.મીટર એન.એ પ્લોટ નં. ૭, સર્વે નં. ૩૩૭/ પ્લોટ નં. ૭ થી પ્લોટ નં. ૨૦ નો સર્વે નં. ૩૩૭/ પ્લોટ નં. ૨૦ કુલ પ્લોટ એરીયા નું માપ ૩૧૯૨.૧૩ ચો.મીટર સર્વે નં. ૩૩૭ કુલ એરીયા નું માપ આશરે ૨૫૨૯૩.૦૦ ચો.મી, કરવડ, વાપી **શ્રી નસીમ લાયક અહમદ શેખ ની માલીકી નો આવેલ છે.**		અ) રૂા.૬.૩૯ બ) રૂા.૦.૬૫ ક) રૂા.૦.૧૦	જાણમાં નથી PUNB 717000RR08
૭	**પીએનબી : દેવકા બીચ, દમણ (૭૧૭૦૦૦)** **મેસર્સ. શિવ શક્તિ ટેક્ષટાઈલ્સ :** સર્વે નં.૩૭૫/૭, ગાળા નં.૨, કેઆરઆરજી કમ્પાઉન્ડ, હીલ ઈન્ડ. એસ્ટેટ, કચીગામ, દમણ–૩૯૬૨૧૦ **શ્રી સુભાષ ક્રિષ્નચંદ શર્મા (માલિક):** ગાળા નં.૧, સર્વે નં.૩૭૫/૭, કેઆરઆરજી કમ્પાઉન્ડ, હીલ ઈન્ડ. એસ્ટેટ, કચીગામ, દમણ–૩૯૬૨૧૦ **શ્રી પ્રમોદ ક્રિષ્નચંદ શર્મા (જામીનદાર) :** ફલેટ નં. ૫૦૪/એ, અભિલાષા કોમ્પલેક્ષ, એમ.જી.રોડ, ખરીવાડ, નાની દમણ–૩૯૬૨૧૦ **મેસર્સ. મહાવીર ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝ (ગીરવેદાર) :** બિલ્ડીંગ નં. ડી, ના ૧લો માળ, સર્વે નં.૩૭૫/૭, હીલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ઝરી કોઝવે, કચીગામ, નાની દમણ–૩૯૬૨૧૦ **મેસર્સ. મારૂતી ટેક્ષટાઈલ (જામીનદાર) :** બિલ્ડીંગ નં. ડી, ના ૧લો માળ, સર્વે નં.૩૭૫/૭, હીલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ઝરી કોઝવે, કચીગામ, નાની દમણ–૩૯૬૨૧૦	તમામ ભાગ અને હિસ્સા ધરાવતી મિલકત ઈન્ડસ્ટ્રીયલ બિલ્ડીંગ નં.ડી ના ૧લા માળનું આશરે માપ ૪૬૦૫.૦૦ ચો.ફુટ જેનું બાંધકામ એન.એ. થયેલ જમીન સર્વે નં.૩૭૫/૭, જેના પ્રમાણસર હિસ્સા સાથે મોજે કચીગામ, નાની દમણ, દમણ ખાતે મેસર્સ મહાવીર ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝ, ભાગીદારી પેઢી, **(ભાગીદાર (૧) શ્રી સુભાષ ક્રિષ્નાચંદ્ર શર્મા, (૨) શ્રી પ્રમોદ ક્રિષ્નાચંદ્ર શર્મા)** ના નામે આવેલ છે. નોંધ : આ મિલકત મેસર્સ જય અંબે ઈન્ડસ્ટ્રીઝ ના એન.પી.એ. ખાતા માં પણ ગીરવે મુકેલ છે. (૭૧૭૦૦૦૮૭૦૦૦૦૦૪૫૯)	અ) ૨૯.૦૫.૨૦૨૩ બ) રૂા.૨,૧૯,૯૫,૬૮૧.૧૭ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ ક) ૨૧.૦૮.૨૦૨૩ ડ) સાંકેતીક કબજો	અ) રૂા.૫૮.૬૫ બ) રૂા.૫.૮૭ ક) રૂા.૦.૨૦	જાણમાં નથી PUNB717000 SHIV
૮	**પીએનબી : દેવકા બીચ દમણ(૭૧૭૦૦૦)** **મેસર્સ માર્ક એન્ટરપ્રાઈઝીસ (માલિક : શ્રી શાહનવાઝ લાયક અહમદ શેખ) :** ફલેટ નં. ૧૩, ગ્રા – ૬, ગુરૂદેવ કોમ્પલેક્ષ, સેલવાસ રોડ, ઈમરાન નગર, વાપી –૩૯૬૧૯૧. **શ્રી શાહનવાઝ લાયકઅહમદ શેખ (જામીનદાર)** પ્લોટ નં. ૩૨/૬, મુ.પો.કરવડ, વલસાડ – ૩૯૬૦૦૧	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત શ્રી શાહનવાઝ લાયકએહમદ શેખ ના નામે આવેલ 'નાઝ પાર્ક' નામની સી બિલ્ડીંગ ના ભોંયતળિયા ની દુકાન નં.૨, જેનુ માપ ૩૫૦. ચો.ફુટ એટલે ૩૨.૫૨ ચો.મી, દુકાન નં ૩, જેનુ માપ ૫૦૦.૦૦ ચો.ફુટએટલે ૪૬.૪૬ ચો.મી, દુકાન નં. ૪, જેનું માપ ૫૦૦.૦૦ ચો.ફુટ એટલે ૪૬.૪૬ ચો.મી, અને દુકાન નં. ૧૧, જેનુ માપ ૩૫૦.૦૦ ચો.ફુટ એટલે ૩૨.૫૨ ચો.મી છે.એન.એ. થયેલ પ્લોટ નં. ૭ થી ૨૦, કુલ પ્લોટ એરીયા માપ ૩૧૯૨.૧૩ ચો.મી ઉપર થયેલ કરવડ ગામ ની હદમાં, વલાસાડ ખાતે આવેલ છે.	અ) ૧૫.૦૧.૨૦૧૯ બ) રૂા.૧,૬૮,૩૬,૪૪૫.૮૬ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ ક) ૧૫.૦૭.૨૦૨૩ ડ) પ્રત્યક્ષ કબજો	અ) રૂા.૨૨.૩૭ બ) રૂા.૨.૪૦ ક) રૂા.૦.૨૫	જાણમાં નથી PUNB717000 MARK
૯	**પીએનબી : દમણ (૭૧૭૦૦૦)** **મેસર્સ.નવકાર પોલી પ્લાસ્ટ, શ્રીમતી ચંદ્રકલા નિર્મલ જૈન (માલિક)** સરનામું : ફલેટ નં.એ–૧૦૨, વસંત વિહાર એપાર્ટમેન્ટ,ટીબીઝેડ શોરૂમ સામે, ચલા, વાપી–૩૯૬૧૯૧ **શ્રી નિર્મલ શીખરચંદ જૈન (જામીનદાર)** ફલેટ નં.એ–૧૦૨, વસંત વિહાર એપાર્ટમેન્ટ, ટીબીઝેડ શોરૂમ સામે, ચલા, વાપી– ૩૯૬૧૯૧	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી નાઝ રેસીડન્સી બી–બિલ્ડીંગ સ્થિત રહેણાંકની મિલકત રજા માળના **ફલેટ નં. બી–૨૦૪ (૬૫૬ ચો.ફુટ), બી–૨૦૫ (૬૫૬ ચો.ફુટ), બી–૨૦૬ (૬૧૧ ચો.ફુટ) અને બી–૨૦૭ (૫૭૭ ચો.ફુટ)** એન.એ. થયેલ પ્લોટ નં.૬૫, સર્વે નં.૨૯૭/પૈકી ૨, પૈકી ૯ અને પ્લોટ નં.૬૬, એન.એ. થયેલ પ્લોટ નં.૬૫, ગામ કરવડ, તા.વાપી, જી.વલસાડ ખાતે આવેલ છે.	અ) ૧૫.૦૧.૨૦૧૯ બ) રૂા.૧,૭૭,૨૫,૬૫૨.૮૦ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ ક) ૧૨.૦૪.૨૦૧૯ ડ) સાંકેતિક કબજો	અ) રૂા.૧૨.૨૫ બ) રૂા.૧.૨૫ ક) રૂા.૦.૨૫	જાણમાં નથી PUNB717000 NAV204
૧૦	**પીએનબી : દેવકા બીચ (૭૧૭૦૦૦)** **શ્રી સલમાન રીઝવાન શેખ (દેવાદાર)** સરનામું : ૧, એમ.જી.રોડ, રેલ્વે સ્ટેશન પાસે, વાપી–૩૯૬૧૯૧ સરનામું : ફલેટ નં.૪૦૨, નાઝ પાર્ક, કરવડ, વાપી, જી.વલસાડ–૩૯૬૧૯૫ **શ્રી અશ્ફાક બસીર શેખ (જામીનદાર) :** ફલેટ નં.૧૦૫–૧૦૬, મેહેર એપાર્ટમેન્ટ, કબ્રસ્તાન રોડ, વાપી–૩૯૬૧૯૧	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત નાઝ પાર્ક નામની 'સી' બિલ્ડીંગ ના રજા માળનો રહેણાંકનો ફલેટ નં.૨૦૯, જેનું માપ આશરે ૧૩૫૦.૦૦ ચો.ફુટ મોજે ગામ કરવડ, તા.વાપી, જી.વલસાડ ખાતે **સલમાન રીઝવાન શેખ** ના નામે આવેલ છે.	અ) ૨૮.૦૨.૨૦૨૦ બ) રૂા.૪૩,૮૨,૫૧૦.૫૦ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ ક) ૧૩.૦૭.૨૦૨૩ ડ) પ્રત્યક્ષ કબજો	અ) રૂા.૯.૮૫ બ) રૂા.૧.૦૦ ક) રૂા.૦.૨૦	જાણમાં નથી PUNB 71700025
૧૧	**પીએનબી : રીંગ રોડ (૦૧૦૨૧૦)** **શ્રી લાલવાણી સુનિલ ઈશ્વરલાલ (દેવાદાર) / શ્રીમતી લાલવાણી સોના સુનિલ (સહદેવાદાર)** ફલેટ નં.એ/૪૦૩, ૪થો માળ બિલ્ડીંગ નં.એ, સ્તુતિ આઈકોન' પાલનપોરગામ, ગામ– પાલનપોર, મથુરા નગરી નજીક, તા.અડાજણ, જી.સુરત– ૩૯૪૩૦૯ સરનામું : જી–૩૦૪, વેસ્ટર્નસીટી એપાર્ટમેન્ટ, એલ.પી સવાણી સ્કુલ નજીક, પાલ રોડ, સુરત–૩૯૪૩૦૯	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે સ્તુતિ આઈકોન તરીકે ઓળખાતી બિલ્ડીંગ નં. એ ના ૪થા માળ નો ફલેટ નં.એ/૪૦૩, આશરે બિલ્ટઅપ એરિયા માપ ૯૮૫.૦૦ ચો.ફુ એટલે ૯૧.૫૦ ચો.મી વણવહેચાયેલ હિસ્સા સહિત જમીન પાલનપોર ખાતે આવેલ રેવન્યુ સર્વે નં.૭૭/૧, બ્લોક નં.૧૨૭, ટી.પી.સ્કીમ નં.૯, ફાઈનલ પ્લોટ નં.૭૦, ગામ. પાલનપોર, તા.અડાજણ, જી.સુરત ખાતે **શ્રી લાલવાણી સુનીલ ઈશ્વરલાલ** ના નામે આવેલ છે	અ) ૦૩.૦૩.૨૦૨૬ બ) રૂા.૩૯,૨૭,૯૯૯.૦૩ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ ક) ૨૨.૦૫.૨૦૨૬ ડ) સાંકેતિક કબજો	અ) રૂા.૪૦.૦૦ બ) રૂા.૪.૦૦ ક) રૂા.૦.૨૦	જાણમાં નથી PUNB 010210 SUNIL
૧૨	**પીએનબી : દેવકા બીચ દમણ (૭૧૭૦૦૦)** **મેસર્સ.ઝાડીન ઈન્ડસ્ટ્રીઝ : શ્રીમતી શબનમ સલીમ શેખ (માલિક) :** સર્વે નં.૨૦૦/૧, ૨૩, ગાળા નં.૦૦૨, હિંગરાજ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, હાતીયાવાડ, હાતીયાવાડ ચેક પોસ્ટ પાસે, નાની દમણ–૩૯૬૨૧૦ અને : ગ્રા.૬, ફલેટ નં.૧૩, ગુરૂદેવ કોમ્પલેક્ષ, ઈમરાન નગર, સેલવાસ રોડ, વાપી–૩૯૬૧૯૧ **શ્રી સલીમ લાયકઅહમદ શેખ (જામીનદાર)** ગ્રા.૬, ફલેટ નં.૧૩, ગુરૂદેવ કોમ્પલેક્ષ, ઈમરાન નગર, સેલવાસ રોડ, વાપી–૩૯૬૧૯૧	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત નાઝ પાર્ક નામની 'બી' બિલ્ડીંગ, વિંગ 'બી' ના ગ્રાઉન્ડ ફ્લોરની કોમર્શીયલ દુકાન નં.૧, જેનું માપ આશરે ૫૦૦.૦૦ ચો.ફુટ યાને ૪૬.૪૬ ચો.મી. કોમર્શીયલ દુકાન નં.૨, જેનું માપ આશરે ૫૦૦.૦૦ ચો.ફુટ યાને ૪૬.૪૬ ચો.મી. જેની જમીનમાં ૨૦.૦૦ ચો.મી. ના વણવહેંચાયેલ હિસ્સા સહિત જેનું બાંધકામ એન.એ. થયેલ પ્લોટ નં.૭ થી પ્લોટ નં.૨૦, કુલ માપ ૩૧૯૨.૧૩ ચો.મી., અસલ સર્વે નં.૩૩૭, કુલ માપ ૨૫૧૯૨.૦૦ ચો.મી. મોજે ગામ કરવડ, તા.વાપી, જી.વલસાડ, ખાતે **શ્રીમતી શબનમ સલીમ શેખ ની માલિકીની આવેલ છે.**	અ) ૧૫.૦૧.૨૦૧૯ બ) રૂા.૧,૫૩,૭૬,૪૮૩.૩૬ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ ક) ૧૩.૦૭.૨૦૨૩ ડ) પ્રત્યક્ષ કબજો	અ) રૂા.૧૩.૫૦ બ) રૂા.૧.૩૫ ક) રૂા.૦.૨૫	જાણમાં નથી PUNB7170001

નિયમો અને શરતો : વેચાણ સિક્યોરિટી (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના નિર્ધારિત નિયમો અને શરતો અને નીચેની વધારાની શરતોને આધીન રહેશે. ૧. મિલકતો **'જેમ છે જ્યાં છે તેના આધારે'** અને **'જેમ છે જે છે તેના આધારે'** અને **'જેમ છે ત્યાં છે તેના આધારે'** વેચવામાં આવી રહી છે. ૨. સરક્ષિત સંપત્તિઓની વિગતો ઉપરોક્ત સૂચિમાં ઉલ્લેખિત બાબતો અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ માહિતી મુજબ જણાવવામાં આવી છે, પરંતુ અધિકૃત અધિકારી આ ઘોષણામાં કોઈપણ ભૂલ, ખોટી માહિતી અથવા ભૂલ માટે જવાબદાર રહેશે નહીં ૩. જો હરાજી કરાયેલ મિલકત સાંકેતિક કબજામાં હોય, તો મિલકતના પ્રત્યક્ષ કબજાની પ્રાપ્તિ પછી અને મિલકતના પરિસરમાં પડેલી કોઈપણ જંગમ વસ્તુઓની નિકાલ કર્યા પછી જ સફળ ખરીદનારને પ્રત્યક્ષ કબજો આપવામાં આવશે. ૪. વેચાણ નીચે સહી કરનાર દ્વારા વેબસાઈટ https://baanknet.com પર **તા.૨૭.૧૦.૨૦૨૬ માટે નારોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી** કરવામાં આવશે. પૂરા પાડવામાં આવેલ ઈ–ઓક્શન પ્લેટફોર્મ દ્વારા કરવામાં આવશે. ૫. સફળ બોલી લગાવનાર દ્વારા બેંક ને વેચાણ વિચારણાની ચુકવણી આવકવેરા અધિનિયમ ૧૯૬૧ ની કલમ 194-1A હેઠળ TDS ને આધીન રહેશે અને TDS સફળ બોલી લગાવનાર દ્વારા બાકીની ૭૫% બોલી રકમ / બોલી રકમની સંપૂર્ણ ડિપોઝિટ જમા કરાવતી વખતે જ કરવાનો રહેશે. ૬. ખરીદનાર/ ખરીદનાર (સૌથી વધુ બોલી લગાવનાર) એ સરફેસી એક્ટ ૨૦૦૨ હેઠળ બેંક દ્વારા વેચવામાં આવેલી સ્થાવર મિલકતોના વેચાણની રકમ પર જ્યાં, લાગુ પડે ત્યાં, આવકવેરા કાયદા ૧૯૬૧ ની કલમ 1941A મુજબ TDS કાપવા અને જમા કરાવવાની જરૂર છે, જેમાં ફોર્મ નં. 26QB રજૂ કરતી વખતે, સ્થાવર મિલકતના માલિક/ગીરો (ઉધાર લેનાર/જામીનદાર)ના નામે અને પાન નંબરનો સમાવેશ થાય છે.૭. વેચાણની વિગતવાર શરતો અને શરતો માટે, કૃપા કરીને https://baanknet.com અને www.pnb.bank.in નો સંદર્ભ લો અથવા મો : **૮૧૪૬૦૯૨૮૭૭ અથવા ૯૬૨૪૫૭૭૨૨૫** પર કોલ કરો. ૮. કાનુની પ્રક્રિયા દ્વારા પ્રત્યક્ષ કબજો મેળવ્યા પછી સાંકેતિક કબજામાં રહેલી મિલકતો સફળ બોલી લગાવનારને સોંપવામાં આવશે. ૯. કોઈપણ કાનુની/કોર્ટ કાર્યવાહી અને/અથવા અધિકૃત અધિકારીના નિયંત્રણ બહારના કારણોસર પ્રત્યક્ષ કબજો મેળવવામાં કોઈપણ વિલંબ માટે અધિકૃત અધિકારીની જવાબદાર રહેશે નહીં. **સરફેસી એકટ, ૨૦૦૨ ના રૂલ ૮(૬) હેઠળ કાનુની વેચાણ નોટીસ**

SCAN HERE For detailed Terms & Conditions

તા.૦૮.૧૦.૨૦૨૬ । સ્થળ : સુરત | (આ હરાજીની સૂચનાના અંગ્રેજી સંસ્કરણ અને અન્ય કોઈપણ ભાષાના સંસ્કરણ વચ્ચે કોઈ વિસંગતતાની સ્થિતિમાં અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.) | ચીફ મેનજર, અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક, સુરક્ષિત ક્રેડીટર